Liberty Equality Fraternity

SAURASHTRA UNIVERSITY

Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre

[Estb.: Govt. of Gujarat]

Building No.-09, Opp. Department of Sanskrit, Saurashtra University Campus-Rajkot-360005 (Gujarat)
Office Ph.(0281) 2578501 (Ext. No. 429) Web : www.bac.org.in Mob. 96876 92951

Date : 02/02/2023

## (૧) બંધારણ એટલે શું ?

Constitution, [લેટિન ભાષાનો શબ્દ "Continuer" પરથી બનેલો છે. જેનો અર્થ 'સ્થાપવું' (to Establish) થાય છે.

- બંધારણ એક 'મૌલિક કાયદાકીય દસ્તાવેજ' છે. જે અનુસાર દેશની સરકાર કાર્ય કરતી હોય છે. જે જનતા દ્વારા નિમાયેલા પ્રતિનિધિઓ દ્વારા શાસિત હોય છે. આમ, આદર્શતાઃ જનતા જ પોતાના પર શાસન કરતી હોય છે.
- દરેક સ્વતંત્ર રાષ્ટ્રને તેનું પોતાનું બંધારણ હોય છે. બંધારણ એ દેશનો મૂળભૂત દસ્તાવેજ છે. જે સામાન્ય રીતે લેખિત અથવા અલેખિત દસ્તાવેજ સ્વરૂપમાં હોય છે અને જે સરકારનાં મુખ્ય ત્રણ અંગો ધારાસભા (Legislature), ન્યાયપાલિકા (Judiciary) અને કાર્યપાલિકા (Executive)ને વ્યાખ્યાયિત કરે છે.
- બંધારણ સરકારના ત્રણ અંગોની સંરચના, ગઠન, કાર્ય અને કાર્યપ્રણાલીનું વર્ણન કરે છે.
- તે એક ગતિશીલ તથા જીવંત દસ્તાવેજ છે, એટલે કે પરિવર્તિત પરિસ્થિતિઓને અનુરૂપ તેમાં પરિવર્તન થતું રહે છે.
- બંધારણમાં તમામ કાયદાઓનું મૂળ રહેલું હોવાથી તેને દેશનો મૂળભૂત કાયદો (Fundamental Law) કહેવામાં આવે છે.
- પ્રત્યેક બંધારણ ત્યાંની જનતાની વિશિષ્ટ રાજનૈતિક અને આર્થિક પ્રકૃતિ, આસ્થા અને અપેક્ષા ઉપર આધારિત છે.
- વહીવટનાં આધારે બે પ્રકારની બંધારણીય પ્રણાલીઓ પ્રચલિત છે. (૧) એકીકૃત(Unitary) (૨) સમવાયતંત્રી (Federalism)
- બ્રિટનનું બંધારણ એકીકૃત પ્રણાલી ધરાવે છે, જ્યારે અમેરિકાનું બંધારણ સમવાયતંત્રી છે.
- ભારતનું બંધારણ એકીકૃત અને સમવાયતંત્રી પ્રણાલીનું (મિશ્રમ) છે જે અર્ધ સમવાયતંત્રી (Quasi Federal) છે.
- પ્રાચીનકાળના એથેન્સનું બંધારણ સૌથી પ્રાચીન મનાય છે.

**એકાત્મક**
બ્રિટન, બાંગલાદેશ, ફ્રાન્સ, તુર્કી, ચીન, જાપાન, ઈરાન, ન્યૂઝીલેન્ડ, ઈઝરાયેલ, ઈજિપ્ત.

**સમવાયી**
USA, કેનેડા, ભારત-અર્ધસમવાયતંત્રી, જર્મની, સ્વિટ્ઝરલેન્ડ, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ.

Babasaheb Dr. B.R. Ambedkar Chair * Saurashtra University * Rajkot (Gujarat)

## (૨) બંધારણનું વર્ગીકરણ

બંધારણ મુખ્યત્વે બે પ્રકારના હોય છે. (૧) લેખિત(Written) (૨) અલેખિત (Unwritten)

(૧) **લેખિત બંધારણ** Written Constitution.

- એક જ દસ્તાવેજમાં સંગ્રહિત કરાયેલા દેશની રાજ્ય વ્યવસ્થા માટેના પાયાના નિયમો અને સિદ્ધાંતોને લેખિત બંધારણ કહેવાય. ઉદા. ભારત, અમેરિકા, જાપાન, અને ફ્રાન્સનું બંધારણ
- આધુનિક યુગનું સૌપ્રથમ લેખિત બંધારણ સંયુક્ત રાજ્ય અમેરિકા દ્વારા ઈ.સ.૧૭૮૭માં ફિલોડેલ્ફિયા સંમેલન પછી બનાવવામાં આવ્યું.

(૨) **અલેખિત** (Unwritten)

- જ્યારે દેશની રાજ્યવ્યવસ્થા માટેના પાયાના નિયમો અને સિદ્ધાંતો એક જ દસ્તાવેજમાં ન હોય, સમયે-સમયે તે અલગ-અલગ દસ્તાવેજોમાં સંગ્રહિત થતા હોય, પ્રજાઓ અને રૂઢિઓ આધારિત વિસ્તૃત થતા હોય તો તેને અલેખિત બંધારણ કહેવાય. જેમ. બ્રિટન, ન્યૂઝીલેન્ડ, ઈઝરાઈલ ઈત્યાદિ ધરાવે છે.

(અ) **કઠોર (જડ) બંધારણ** (Rigid Constitution)

- જ્યારે બંધારણમાં સંશોધન કરવાની પ્રક્રિયા અત્યંત જટિલ હોય ત્યારે તેને કઠોર (જડ) બંધારણ કહે છે. જેમ કે, અમેરિકાનું બંધારણ

(બ) **લચીલું બંધારણ** (Flexible Constitution)

- જ્યારે બંધારણમાં સંશોધન કરવાની પ્રક્રિયા સરળ હોય ત્યારે તેને લચીલું બંધારણ કહે છે. જેમ કે, બ્રિટનનું બંધારણ વિશ્વનું સૌથી લચીલું બંધારણ

## (૩) બંધારણનું મહત્ત્વ

ભારત જેવા લોકશાહી દેશમાં બંધારણ પોતાનું એક વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. લોકશાહી વ્યવસ્થામાં સરકારની શકિતઓ અને નાગરિકોના અધિકારો વચ્ચે એક સ્પષ્ટ સમતોલન અને વિભાજન હોવું જરૂરી છે. જે બંધારણ દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યું છે. લોકશાહી દેશોમાં લોકો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સરકારના સંચાલનમાં ફાળો આપે છે. એ જ રીતે લોકશાહીમાં સરકારી સત્તા અને લોકોના હકો બંધારણ દ્વારા ખૂબ જ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. લોકોની જરૂરિયાતો, આકાંક્ષાઓ અને અપેક્ષાઓનો પડઘો બંધારણમાં પડે છે. આમ બંધારણ એ જીવંત દસ્તાવેજ છે.

## (૪) બંધારણની આવશ્યકતા

- આધારભૂત બાબતોના નિયમોનો એવો સંગ્રહ ઉપલબ્ધ કરાવે જે દેશના લોકોમાં સમન્વય અને વિશ્વાસને જાળવી રાખે.
- બંધારણ દેશની સરકાર દ્વારા નાગરિકો પર લાગું કરવામાં આવતા કાયદાઓની સીમા નક્કી કરે જેથી નાગરિકોના હકો (મૂળભૂત અધિકારો) જળવાઈ રહે.
- તે સરકારને એવી ક્ષમતા પ્રદાન કરે જેથી લોકોની જરૂરિયાતોને પૂરી કરી શકાય અને ન્યાયપૂર્ણ સમાજની સ્થાપના માટે ઉચિત પરિસ્થિતિઓનું નિર્માણ કરી શકે.

Babasaheb Dr. B.R. Ambedkar Chair
Saurashtra University
Rajkot (Gujarat)

## (૫) બંધારણનું કાર્ય

- સરકારનું નિર્માણ કેવી રીતે થશે, તે નક્કી કરવું.
- સરકારને કઈ શકિતઓ આપવી અને સરકારી કઈ શકિતઓ પર કાપ મૂકવો તે નક્કી કરવું.
- શાસનના માળખાને સ્પષ્ટ કરવું.
- નાગરિકોના અધિકાર અને સ્વતંત્રતાનું રક્ષણ કરવું.
- રાજ્યને વૈચારિક આધાર અને કાયદેસરનું ( Legitimacy લેજીસ્ટેમેસી) પ્રદાન કરવું. (ઔચિત્ય)
- ભવિષ્યની દષ્ટિથી આદર્શ શાસનના મળખાનું નિર્માણ કરવું.
- રાષ્ટ્રના નિર્ણય લેવાની શકિત કોની પાસે રહેશે? અને સરકારની રૂપરેખા અને કાર્યો પણ બંધારણ દ્વારા નક્કી થાય છે.

## (૬) રાજ્ય એટલે શું ?

રાજ્ય-વ્યવસ્થા સાથે જોડાયેલા પ્રાથમિક ખ્યાલ 'રાજ્ય' છે. જેનો વાસ્તવિક અર્થ સમાજની રાજનૈતિક સંરચના છે. રાજ્ય એ એક અમૂર્ત ખ્યાલ છે. જેને બૌદ્ધિક સ્તરે સમજી શકાય છે, પરંતુ જોઈ શકાતો નથી. દા.ત. ભારતની સરકાર, રાજ્યની સરકાર, સંસદ, વિધાનમંડળ, નગરપાલિકા, નોકરશાહી આ સમગ્ર સંરચનાને રાજ્ય કહેવાય છે.

- રાજ્યના તત્ત્વો :

  (૧) ભૌગોલિક ભાગ, (૨) વસ્તી, (૩) સરકાર, (૪) સાર્વભૌમત્વ

- રાજનૈતિક વ્યવસ્થાની જરૂરિયાત શું છે ?

  ૧. રાજ્યના નાગરિકને સ્વતંત્રતા, સમાનતા અને ન્યાય આપવા
  ૨. કલ્યાણકારી રાજ્યની સ્થાપના કરવી.
  ૩. રાષ્ટ્ર નિર્માણ માટે
  ૪. આંતરિક સુરક્ષા માટે
  ૫. સામાજિક પરિવર્તન માટે

### શાસનના અંગો

- **ધારાસભા** — કાયદા બનાવવાનું કાર્ય કરે છે.
  - **કેન્દ્ર**: લોકસભા, રાજ્યસભા
  - **રાજ્ય**: વિધાનસભા, વિધાનસભાપરિષદ
- **કારોબારી** — કાયદાનો અમલ કરાવવાનું કાર્ય છે.
  - **સ્થાયી**: સરકારી અધિકારીઓ (IAS, IPS, IRSવગેરે)
  - **અસ્થાયી**
    - **કેન્દ્ર**: રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રીપરિષદ
    - **રાજ્ય**: રાજ્યપાલ, મુખ્યમંત્રી, રાજ્યની મંત્રીપરિષદ
- **ન્યાયપાલિકા** — જો કાયદા બાબતે વિવાદ સર્જાય તો ન્યાય આપવાનું કાર્ય કરે છે.
  - **એકીકૃત ન્યાયપાલિકા**
    - (૧) સર્વોચ્ચ અદાલત
    - (૨) વડી અદાલત
    - (૩) જિલ્લા અદાલત

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

## (૧) ધારાસભા

- ધારાસભા એટલે લોકો દ્વારા પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ ધરાવતી સંસ્થા.
- લોકતાંત્રિક દેશમાં ધારાસભા સામાન્ય રીતે બે ગૃહોની બનેલી હોય છે. ઉ.દા. કેન્દ્રમાં લોકસભા તથા રાજ્યસભાની બંનેલી સંસદ અને રાજ્યમાં વિધાનસભા તથા વિધાન પરિષદથી બનેલી વિધાનમંડળ.
- ધારાસભાનું મુખ્ય કાર્ય કાયદા બનાવવાનું હોય છે.

## (૨) કારોબારી

કારોબારી એટલે એવા વ્યક્તિઓનો સમૂહ કે જે ધારાસભા દ્વારા બનાવેલા કાયદા અનુસાર શાસન ચલાવે છે અથવા કાયદાનું અમલીકરણ કરાવે છે. કારોબારી બે ભાગમાં વહેંચી શકાય છે.

### (અ) સ્થાયી કારોબારી

જેમાં ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે જેને સામાન્ય રીતે આપણે બ્યૂરોક્રેટ તરીકે જાણતા હોઈએ છીએ. જેની સરકાર દ્વારા ભરતી કરી પસંદગી કરવામાં આવેલ હોય છે. IAS, IPS, IFS (સ્થાયી કારોબારીના કાર્યકાળ લાંબો અને સ્થિર હોય છે.)

### (બ) અસ્થાયી કારોબારી

જેમાં લોકો દ્વારા પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમાવેશ થાય છે. ઉદા. કેન્દ્રને અસ્થાયી કારોબારીમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને કેન્દ્રીય મંત્રીપરિષદ, જ્યારે રાજ્યની કારોબારીમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી અને રાજ્યની મંત્રી પરિષદનો સમાવેશ થાય છે.

## (૩) ન્યાયપાલિકા

ન્યાયપાલિકા એટલે કે કાયદા બાબતે વિવાદ સર્જાય તો ન્યાય આપવાનું કાર્ય ન્યાયપાલિકા કરે છે. ભારતમાં એકીકૃત ન્યાયપાલિકા છે. ઉદા. સર્વોચ્ચ અદાલત, વડી અદાલતો તાબા હેઠળની અદાલતો (જિલ્લા અદાલતો)

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)